[Q - 1]. નીચેના પ્રશ્નોનાં ઉત્તર એક-એક વાક્યમાં લખો.

(1) શેખ અબ્દુલ્લાને હજ કરવાની ઈચ્છા ક્યારે થઈ આવતી?

- દર વર્ષે હજ પર અનેક લોકો જતાં ત્યારે શેખ અબ્દુલ્લાને હજ કરવાની ઈચ્છા થઈ આવતી

(2) શેખ અબ્દુલ્લાને હજ કરવા શા માટે ના જય શક્યા.

- શેખ અબ્દુલ્લા ગરીબને કારણે હજ કરવા ના જઈ શક્યા

(3) અલી હુસેનના પાડોશમાં બાળકો શા માટે રોકકળ કરતા હતા ?

- અલી હુસેનના પાડોશમાં બાળકો રોકકળ કરતાં હતા કારણ કે કેટલાય દિવસથી તેમને ખાવાનું મળ્યું નહોતું


(4) ખુદાના દરબારમાં અલી હુસેનની હજ કેમ મજુર થઈ?

- અલી હુસેને હજ માટે ભેગા કરેલા પૈસા પાડોશી ના દુ:ખી બાળકોને મદદ કરવા માટે વાપર્યા તેથી તેમની હજ મંજુર થઈ.

(5) અલી હુસેને હજ કરવા માટે ભેગા કરેલા પૈસાનું શું કર્યું ?

- અલી હુસેને હજ કરવા માટે ભેગા કરેલા પૈસા પોતાના પડોશીના દુ:ખી બાળકો માટે આપી દીધા.

[Q - 2]. ચિત્રો જોઈને દરેક વિશે બે –બે વાક્યો લખો.



(1) ચિત્ર જોઈને જવાબ આપો :

- 1. હિન્દુ ધર્મનું પૂજસ્થાન મંદિર છે.
  2. હિન્દુ ધર્મનું પ્રતિક ૐ છે.
- 3. શીખ ધર્મનું પૂજાસ્થાન ગુરુદ્વારા છે.
  4. શીખ ધર્મનું પ્રતિક છે.
- 5. ઇસ્લામ ધર્મનું પૂજસ્થાન મસ્જિદ છે.
  `6.ઇસ્લામ ધર્મનું પ્રતિક છે.
- 7. ખ્રિસ્તી ધર્મનું પુજાસ્થાન ચર્ચ છે.
  8. ખ્રિસ્તી ધર્મનું પ્રતિક છે

[Q - 3]. નીચેના વાકયોને પાઠના ક્રમમા ગોઠવો:

1. જાણે એમને પણ હજનું પુણ્ય મળી ગયું
2. શેખ અબ્દુલ્લાએ ઊંડો શ્વાસ લીધો.
3. મારાથી એ બાળકોનું દુ:ખસહન ના થયું.
4. વાત પૂરી થતાની સાથે જ બેય ફરિશ્તા અદશ્ય થઈ ગયા.
5. દર વર્ષે હજ પર અનેક લોકો જતાં.

➢

1. દર વર્ષે હજ પર અનેક લોકો જતા.

2. વાત પૂરી થતાની સાથે જ બેય ફરિશ્તા અદશ્ય થઈ ગયા.

3. મારાથી એ બાળકોનું દુ:ખ સહન ના થયું.

4. શેખ અબ્દુલ્લાએ ઊંડો શ્વાસ લીધો.

5. જાણે એમને પણ હજનું પુણ્ય મળી ગયું

[Q - 4]. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

(1) સમાનાર્થી શબ્દો લખો.

1. પરિવાર - કુટુંબ
2. અચાનક - એકાએક
3. આશ્ચર્ય - નવાઈ
4. તકલીફ - મુશ્કેલી
5. ફરિશ્તો - દેવદૂત
6. આંખ - નયન

[Q - 5]. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.

(1) વિરુદ્ધાર્થી શબ્દો લખો.

1. ગરીબ X તવંગર
2. શાંતિ X અશાંતિ
3. પુણ્ય X પાપ
4. બેભાન X ભાન
5. બીમાર X તંદુરસ્ત
6. મંજુર X નામંજૂર

[Q - 6]. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો .

(1) મન મારી બેસી રહેવું – ઇચ્છાને દબાવી રાખવી.

- વાક્ય :- પપ્પાએ મોબાઈલ લાવી ન આપ્યો એટલે વિવેક મન મારીને બેસી રહયો.

(2) આંખમાં ઝળઝળિયા આવવાં – આંખમાં આંસુ આવવા.

- વાકય:- બહેનને સાસરે વિદાય આપતા ભરતની આંખમાં ઝળઝળિયા આવી ગયા.

(3) ગદગદિત થવું - દૂ:ખી થવું.

➢ વાકય :- માની  બીમારી વિશે જાણ્યું તો ઉષા ગદગદિત થઈ ગઈ.

[Q - 7]. ઉદાહરણ પ્રમાણે વાક્યો બનાવીને લખો.

(1) મનુ મમરા ખાય છે :- મનુ મમરા ખાતો હતો. મનુ મમરા ખાશે.

(2) વરસાદ આવે છે :- વરસાદ આવતો હતો. વરસાદ આવશે.

(3) હું ચીકુ ખાઉ છું :- હું ચીકું ખાતો હતો. હું ચીકુ ખાઈશ

[Q - 8]. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.

(1) સાચી જોડણી લખો :

1. ગરિબાઈ - ગરીબાઈ
2. ફરીસ્તા - ફરિશ્તા
3. રુપીયા - રૂપિયા
4. ખૂસાલી - ખુશાલી
5. મંઝૂર - મંજુર
6. ધાર્મીક – ધાર્મિક

[Q - 9]. નીચેના શબ્દો શબ્દકોશના ક્રમમા ગોઠવો.

(1) પુણ્ય , યાદ , વાતચીત , શ્વાસ , શાંતિ

➢ પુણ્ય , યાદ , વાતચીત , શાંતિ , શ્વાસ